# -: પ્રેસનોટ :-

અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત થલતેજ ચાર રસ્તા ખાતે બોડકદેવ ચાર રસ્તાથી હેબતપુર તરફ જતા એક્રોપોલીસ મોલ સામે એસ.જી.હાઈવે રોડના મધ્ય ભાગ (અક્ષાંશ-રેખાંશ : ૨૩.૦૪૯૭૭૯,૭૨.૫૧૭૦૦૦) સુધી ૧૩ x ૨૦ એરીયામાં બેરીકેડીંગ કરી પી-એસ.પી.૬૧ ના બાધકામનું કામકાજ તા.૧૫/૧/૨૦૨૦ સુધી કરવામાં આવનાર છે. જેમાં ૧૦ મીટર જેટલો રસ્તો વાહન વ્યવહાર માટે ખુલ્લો રહેનાર છે. તે જ પ્રમાણે થલતેજ ચાર રસ્તાની પુર્વ દિશાએ હેબતપુરથી બોડકદેવ તરફ જતા મેટ્રો પીયર નં. ૬૩ પછી ૨૫ મીટર રસ્તો છોડી એસ.જી.હાઈવે રોડના મધ્ય ભાગ (અક્ષાંશ-રેખાંશ : ૨૩.૦૪૯૮૭૯, ૭૨.૫૧૭૬૫૭) સુધી ૧૪.૮ x ૨૦ મીટર એરીયામાં બેરીકેડીંગ કરી પી-એસ.પી.૬૨ ના બાંધકામનું કામકાજ કરવામાં આવનાર છે. જેમાં સર્વિસ રોડ તરફ ૧૬-મીટર તથા એસ.જી.હાઈવે રોડ ઉપર ૧૦-મીટર જેટલો રસ્તો વાહન વ્યવહાર માટે ખુલ્લો રહેનાર છે.

**વૈકલ્પિક રૂટ :**

એસ.જી.હાઈવે રોડ ઉપર થલતેજ ચાર રસ્તા પશ્ચિમ દિશાએ બોડકદેવ થી હેબતપુર તરફ જવા એક્રોપોલીસ મોલની સામે બેરીકેડીંગ કર્યા પછી ખુલ્લા રાખવામા આવેલ ૧૦-મીટર રોડનો તથા પશ્ચિમ દિશાએ હેબતપુર થી બોડકદેવ તરફ જવા માટે બેરીકેડીંગ કર્યા બાદ ખુલ્લા રહેતા ૧૬-મીટર રોડ તથા એસ.જી.હાઈવે તરફના ૧૦-મીટર રોડનો ઉપયોગ કરવાનો રહેશે. તેમજ ઉપર્યુક્ત સમગ્ર રોડ 'નો વ્હીકલ પાર્કિંગ' ઝોન રહેશે.

મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત ઉપર્યુક્ત રીતે ચાલનાર બાંધકામ અને વાહન વ્યવહાર અંગેની તમામ નાગરિકોને જાણ કરવામાં આવે છે.

**તા.૨૧ /૬/૨૦૧૯**

**( જે.આર.મોથલિયા )**
સંયુક્ત પોલીસ કમિશ્નર
ટ્રાફિક, અમદાવાદ શહેર